અપીલ અરજી નં.૩૧૨ તા.૨૨–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળાની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી (૧) કમિશ્નર સાહેબશ્રીને આપેલી અરજી તા.૨૮–૧૦–૦૯ ના રોજ અરજીના સંદર્ભમાં આગળ કરેલ પગલાની વિગત. (૨) શહેર વિકાસ અધિકારીશ્રી આપેલ તા.૨૮–૧૦–૦૯ ના રોજ આપેલ અરજી સંદર્ભમાં લીધેલ પગલાં (૩) જનકલ્યાણ સોસાયટીમાં **QD/43** (કયુ.ડી.૪૩) ના ગેરકાયદેસર બાંધકામ અંગે ફાળવેલ નોટીસની નકલ અને એ અંગે આજદિન સુધી લેવાયેલા પગલાની નકલની કોપી આપવી. (૪) ગેરકાયદેસર બાંધકામ અંગે ગવર્નમેન્ટ ધ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રની નકલ મેળવવા બાબત (ગેરકાયદેસર બાંધકામ અંગે બનાવવામાં આવેલ કાયદાનું પરિપત્ર) (૫) ગ્રાહક સુરક્ષા ની ગર્વનમેન્ટ ઓફિસ સુરત, અમદાવાદ અને ગાંધીનગર,દિલ્હી ઓફિસના એડ્રેસ નામ અને ટેલિફોન નંબર સાથે આપવા બાબત.(૬) ગેરકાયદેસર બાંધકામ અંગે લાગતા દરેક સુરત, ગાંધીનગર અને દિલ્હીના એડ્રેસ, નામ, સરનામા,ટેલીફોન નંબર સાથે આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૨–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૧૨/૨૦૦૯–૧૦

પિંકલ પ્રફુલ્લચંદ્ર ધીવાળાની તા.૧૯–૧૧–૦૯ ની અરજી બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન /આ.નં.૫૦૮ તા.૧૬–૧૨–૦૯ થી આપેલ માહિતીમાં માંગ્યા મુજબ જવાબ મળેલ નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૨ તા.૫–૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના તા.૧૬–૧૨–૦૯ ના મુદ્દા નં.૩ અંગે નિયત ફી ભરી માહિતી મેળવેલ છે કેમ? તથા મુદ્દા નં.૫ અંગે સબંધિત કચેરી/સરકારશ્રીની વેબસાઈટનું સર્ફીંગ કરેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા અંગે પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં૫૯૦ તા.૧૩–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં બિનિતાબેન જરીવાળા તથા ફાલ્ગુનીબેન જરીવાલા પત્ર નં.વે.ઝોન/આ.નં.૧૬૬૬ તા.૧૪–૧૨–૦૯ ના રોજ પાઠવેલ પત્રની નકલ,મનોજભાઈ મુગટભાઈને પત્ર નં.પશ્ચિમઝોન/ટીડી/૯ તા.૩–૬–૦૯ ના મનાઈ હુકમની નકલ તથા નં.પશ્ચિમઝોન/ટીડીઓ/૧૦ તા.૩–૬–૦૯ થી કલમ–૨૬૦(૧)(અ) મુજબની નોટીસની નકલ, તથા ટીડીઓ/૧૦૩૦ તા.૩૧–૭–૦૯ થી તાકીદનો પત્ર પાઠવવામાં આવેલ છે તેની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી અરજદાર તરફથી માંગવામાં આવેલ. જે અંગે મુદ્દા નં.૫ ની માહિતી બાબતે વેસ્ટઝોન/આરટીઆઈ/૪૬૧ તા.૨૫–૧૧–૦૯ થી અધિક કલેકટર અને મ. જાહેર માહિતી અધિકારી, બહુમાળી, નાનપુરા, સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૧ થી ૪ અને ૬ ની માહિતી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૦૮ તા.૧૬–૧૨–૦૯ થી અરજદારને આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) કમિશ્નર સાહેબશ્રીને આપેલી અરજી તા.૨૮–૧૦–૦૯ ના રોજ અરજીના સંદર્ભમાં આગળ કરેલ પગલાની વિગત.મુદ્દા નં. (૨) શહેર વિકાસ અધિકારીશ્રી આપેલ તા.૨૮–૧૦–૦૯ ના રોજ આપેલ અરજી સંદર્ભમાં લીધેલ પગલાં બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કમિશ્નરશ્રીને આપેલ તા.૨૮–૧૦–૦૯ ની અરજી સંદર્ભે પશ્ચિમઝોનમાં આવેલ ટીપી નં.૧૩(અડાજણ) ફા.પ્લોટ નં.૫૯ માં આવેલ ન્યું. ગોકુલ રો હાઉસમાં પ્લોટ નં.૧૯ તથા ૨૦ (સ્થળ સ્થિતિ મુજબ) ને સ્થળ તા.૨૦–૧૨–૨૦૦૦ ટીડીઓ નં.૨૮૫ થી મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ આંતરીક રસ્તાઓ પર મુકેલ લોખંડના ગેટ તેમજ બનાવેલ દિવાલ બાબતે આ.નં.૧૬૬૬ તા.૧૪–૧૨–૦૯ થી નોટીસ આપી દિન–૭ માં સદર ગેરકાયદેસર બાંધકામ દુર કરવા જણાવેલ છે. જે બાબતની નોટીસની નકલ અત્રે રજૂ કરેલ છે. મુદ્દા નં.(૩) જનકલ્યાણ સોસાયટીમાં **QD/43** (કયુ.ડી.૪૩) ના ગેરકાયદેસર બાંધકામ અંગે ફાળવેલ નોટીસની નકલ અને એ અંગે આજદિન સુધી લેવાયેલા પગલાની નકલની કોપી આપવી. તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી જનકલ્યાણ સોસા. **QD/43** (કયુ.ડી.૪૩)ના ગેરકાયદેસર બાંધકામ અંગે કચેરીએથી તા.૩–૬–૦૯ આપેલ ૨૬૭ મુજબની મનાઈ હુકમ તેમજ ૨૬૦–૧ મુજબની કારણદર્શક નોટીસ તેમજ તા.૩૧–૭–૦૯ થી આપેલ તાકીદના પત્રની નકલ પાના દીઠ રૂા. ૨/– કચેરીએથી ભર્યેથી મળી શકશે. તેવી માહિતી આપવામાં આવેલ છે. પરંતુ તેમાં આરટીઆઈ નિયમ–૩(૨) સાથે નિયમ–૫ મુજબ પાનાની સંખ્યા દર્શાવેલ નથી. જેમાં અરજદારે તા.૨૨–૧૨–૦૯ ની અપીલ અરજીમાં તા.૩૧–૭–૦૯ થી આગળની કાર્યવાહી માહિતી અંગે રજૂઆત કરેલ છે. જે અપીલ તબકકે અલાયદી રજૂ કરેલ જણાય છે.

મુદ્દા નં.(૪) ગેરકાયદેસર બાંધકામ અંગે ગવર્નમેન્ટ ધ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રની નકલ મેળવવા બાબત (ગેરકાયદેસર બાંધકામ અંગે બનાવવામાં આવેલ કાયદાનું પરિપત્ર) બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર બાંધકામ અન્વયે બીપીએમસી એકટ–૧૯૪૯ ની કલમ–૨૬૭ મુજબ મનાઈ હુકમ તેમજ કલમ–૨૬૦(૧)(અ) મુજબ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે જેની નકલ પાના દીઠ રૂા.૨/– કચેરીએ જમાં કર્યેથી મળી શકશે. જેના અનુસંધાને અરજદારે અપીલ અરજીમાં બાંધકામના લગતા કાયદાની નકલની માંગણી કરેલ છે. જે બાબતેઆરટીઆઈ કાયદાની કલમ–૪(૧)(બી) સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીના વ્યાપમાં આવતું જણાય છે તેથી આ પ્રકારની માહિતી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સાથે પ્રકાશિત સ્વરૂપે પણ ઉપલબ્ધ હોવાનું અનિવાર્ય થઈ પડે છે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેબસાઈટનો સંદર્ભ પણ આપેલ જણાતો નથી. . મુદ્દા નં. (૫) ગ્રાહક સુરક્ષા ની ગવર્નમેન્ટ ઓફિસ સુરત, અમદાવાદ અને ગાંધીનગર,દિલ્હી ઓફિસના એડ્રસ નામ અને ટેલિફોન નંબર સાથે આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અન્ય સત્તા મંડળને માહિતી બાબતે વેસ્ટઝોન/આરટીઆઈ/૪૬૧ તા.૨૫–૧૧–૦૯ થી અધિક કલેકટર અને મ. જાહેર માહિતી અધિકારી, બહુમાળી, નાનપુરા, સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અસંતોષ હોય તો તેનાથી ઉપલા અધિકારીને અરજદાર અપીલ કરી શકે છે. મુદ્દા નં.(૬) ગેરકાયદેસર બાંધકામ અંગે લાગતા દરેક સુરત, ગાંધીનગર અને દિલ્હીના એડ્રેસ, નામ, સરનામા,ટેલીફોન નંબર સાથે આપવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ગેરકાયદેસર બાંધકામ સંદર્ભે કરવાની ફરીયાદ બાબતે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં હોય તો તે સબંધિત ઝોન કચેરીએ તેમજ ગાંધીનગર ખાતે સચિવશ્રી શહેરી વિકાસ વિભાગ કચેરી તેમજ દિલ્હી ખાતે સચિવશ્રી શહેરી વિકાસ વિભાગની કચેરી છે. તેવી માહિતી આપેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૪ બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને નિયત ફી ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે. તેમ છતાં આરટીઆઈના નિયમ–૩(૨) સાથે નિયમ–૫ થી ઠરાવેલ વિગતે નમુના 'ગ' માં ભરવાપાત્ર ફી નો પત્ર અરજદારને પાઠવવા પુનઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

અરજદાર તે મળ્યેથી નિયત ફી ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અપીલ અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા,